# <u>જામનગરના મ્હે. ૧૧માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં</u>

**ફો. કેસ નં.૯૦૦૮/૨૦૨૩**

**આંક–૧૧**

ફરીયાદી: શ્રીસરકાર

વિ

આરોપી: ૪. તીલકભાઈ ગજદીશભાઈ યાદવ
૫. મુકેશભાઈ હીરાલાલ પટેલ
૬. હરીદાસ માખનભાઈ પટેલ
૭. જગદીશભાઈ ગજાધરભાઈ પટેલ
૯. કનૈયાભાઈ વ્રજલાલભાઈ પટેલ
૧૦. ચીન્તામનભાઈ ગુબન્દીલાલ પટેલ
રહે.બધા.દરેડ ગામ, તા.જી.જામનગર

**ગુન્હો :– જુગાર ધારાની કલમ–૧૨ મુજબ**

## <u>ચુકાદો</u>

૧. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી તા. ૧૮/૧૧/૨૦૨૨ નાં રોજ ૦૦:૩૫ કલાકે તીન પતીનો જુગાર રમી રમાડતા એકબીજાના ફાયદા સારું જાહેરમાંથી જુગાર રમવાના સાધનો તથા રોકડા રકમ સાથે જાહેરમાં મળી આવી જુગાર ધારાની કલમ–૧૨ મુજબનો ગુન્હો કરેલ હોવાથી તમારા પર આક્ષેપ છે અને તમો આરોપી વિરુધ્ધ પોલીસ પુરાવો હોવાથી અત્રેની અદાલતમાં આંક–૦૧ નું ચાજશીર્ટ કરેલ છે.

૨. આ કામના આરોપી નં. ૦૪,૦૫,૦૬,૦૭,૦૯ તથા ૧૦ આજરોજ અત્રેની અદાલતમાં હાજર થયેલ છે અને આરોપીની આંક–૦૩ થી ૦૮ પ્લી રેકડ કરતાં તેમણે ગુનો કબુલ હોવાનું જણાવેલ છે અને આંક–૦૯ થી ગુનો કબુલાતની પુરસીસ આપી જણાવેલ છે કે, તેઓ કુટુંબમાં એકમાત્ર કમાનાર છે અને કુટુંબકબીલા વાળા છે અને ફરી વખત આવો ગુન્હો ન થાય તેની પુરતી કાળજી રાખશે તેથી દયા બતાવવા વિનંતી કરેલ છે.વધુમાં આરોપીએ પકડાયેલ મુદામ તેમનો નથી તેવું આંક–૧૦ ની પુરશીશથી જણાવેલ છે.

૩.  આરોપીની સ્વૈચ્છિક કબુલાતને ધ્યાને રાખતાં અને તેમને ગુના કબુલાત અંગે સજાની સમજ આપી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **-: હુકમ :-**

આ કામના આરોપી નં.૦૪,૦૫,૦૬,૦૭,૦૯ તથા ૧૦ નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ-૨૫૨ અન્વયે તકસીરવાર ઠરાવીને જુગાર ધારાની કલમ-૧૨ ના ગુનામાં કોર્ટ ઉઠતા સુધીની સજા (ટી.આર.સી.) તથા દરેકને રૂ.૧૦૦/- (અંકે રૂપીયા એકસો પુરા) કુલ રૂ.૬૦૦/-(અંકે રૂપીયા છસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો દંડની રકમ ન ભરે તો દિન-૦૧ ની સાદી સજાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ કામે અન્ય આરોપીઓનો કેસ ચાલુ હોય મુદામાલ અંગે કોઈ હુકમ કરવામા આવેલ નથી અને અન્ય આરોપીઓ સામેનો કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામા આવે છે.

આજ રોજ તા.૧૮ માહે ઓકટોબર સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

જામનગર
તા.૧૮/૧૦/૨૦૨૩

**(એ. વી. પટેલ)**
**૧૧માં એડી. ચીફ જયુડી. મેજી.,**
**જામનગર**
**જજ કોડ- GJ01181**